
ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**પ્રકાશ જહા**
ચીફ રિપોર્ટર
ગાંધીનગર સમાચાર
(૩-૧૦-૧૯૫૯)
મો. ૯૦૯૯૯૫૧૫૭૧



**ભાઈલાલ આર ઠક્કર**
કારોબારી સભ્ય
જલારામ સેવા સમાજ



**જે એસ પરીખ**
સહમંત્રી
ગાંધીનગર વૈષ્ણ સમાજ

# ગાંધીનગરના ૩ ફોટોગ્રાફર્સે શહેરનું નામ રોશન કર્યું



ગાંધીનગર, તા. ૨

અમદાવાદની ખ્યાત હૉટલ વિશાલા ખાતે એક ફોટોગ્રાફી પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં રાજ્યભરમાંથી આવેલા ૨૦૦ ફોટોગ્રાફર્સના ફોટોગ્રાફ પૈકી સિલેક્ટ કરેલા ફોટોગ્રાફર્સના ફોટોગ્રાફ મૂકવામાં આવ્યા હતા. ગાંધીનગર માટે ગૌરવની વાત એ છે કે આ ફોટોગ્રાફર્સ પૈકી શહેરના ત્રણ ફોટોગ્રાફર્સના ફોટોગ્રાફ આ પ્રદર્શન માટે પસંદ કરવામાં આવ્યા હતા અને રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીજીના હસ્તે આ પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. કુલ ફોટોગ્રાફર્સ પૈકી માત્ર ૧૫ ફોટોગ્રાફર્સની પસંદગી જ આ પ્રદર્શન માટે કરવામાં આવી હતી, જે પૈકી ત્રણ ફોટોગ્રાફર્સ તો ગાંધીનગર શહેરના હતા. કૅપિટલ કૅમેરા કલબના પ્રમુખ કૌશિક ગજ્જર, સૅક્રેટરી દિપક વ્યાસ અને નગરના યુવા ફોટોગ્રાફર પિયુષ ચૌહાણનાં નામ પસંદગી પામેલા ફોટોગ્રાફર્સની યાદીમાં હતા.

### કામધેનુ યુનિવર્સિટી દ્વારા

# ગાંધી જયંતી તેમજ વિશ્વ અહિંસા દિનના ઉપલક્ષમાં સ્વચ્છતા કાર્યક્રમની ઉજવણી



ગાંધીનગર, તા. ૨

કામધેનુ યુનિવર્સિટી દ્વારા ભારત સરકાર પ્રેરિત સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા. ૨૫ સપ્ટેમ્બર થી ૧૧ ઓક્ટોબર ૨૦૧૫ દરમ્યાન "રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન"ની શરૂઆત કરવામાં આવી. આ અભિયાનના ભાગરૂપે ૨ ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ ગાંધી જયંતી તેમજ વિશ્વ અહિંસા દિનના ઉપલક્ષમાં સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના કુલસચીવશ્રી વિ. પી. મેકવાન સાહેબે ગાંધીજીને યાદ કરતા જણાવ્યું કે ગાંધીજી કહેતા કે "સ્વચ્છતા અંગેની મોટી-મોટી વાતો કરવા કરતા હું ઝાડુ ઉપાડી સફાઈ કરવાનું વધારે પસંદ કરીશ". સંશોધન નિયામકશ્રી ડૉ. ડી. બી. પાટીલે પશુ સ્વાસ્થ્ય બાબતે જણાવ્યું હતુ કે લોકોમાં પ્લાસ્ટિક ઉપયોગ અંગેની જાગૃતતાનાં અભાવે પ્લાસ્ટિક પશુઓના પેટમાં જવાથી પશુઓના સ્વાસ્થ્યને નુકશાન પહોંચે છે અને પશુ ચિકિત્સકો દ્વારા સર્જરી જ એક માત્ર વિકલ્પ રહે છે.

કુલપતિશ્રી પ્રો. એમ. સી. વાર્ષ્ણેય સાહેબે પ્રાસંગિક ઉદબોધનમાં મહાત્મા ગાંધી તેમજ લાલબહાદુર શાસ્ત્રીજીનાં ભારત ઘડતરમાં તેઓના યોગદાનને યાદ કરી ગાંધીજીના સ્વચ્છતા માટેના અભિગમને અપનાવવાથી રાષ્ટ્ર નિર્માણમાં આપણા સૌનું યોગદાન આપી શકાય તેવું જણાવી સ્વચ્છતા કાર્યક્રમનો પ્રારંભ કરાવેલ. આ કાર્યક્રમમાં ડૉ. બી. એન. પટેલે અહિંસા તેમજ શાંતિ માટેની પ્રતિજ્ઞા ઉપસ્થિતજનોને લેવડાવેલ.

આ સ્વચ્છતા કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાનો સહયોગ સાંપડ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા કામધેનુ યુનિવર્સિટીના વિદ્યાથીઓ તથા સ્ટાફ સર્વેએ શ્રમદાન કરી આજના દિવસને સાર્થક બનાવેલ. કાર્યક્રમના અંતે પ્રો. વાર્ષ્ણેય સાહેબે આ ઉત્સાહ આજના દિવસ પુરતો સીમિત ન રહે અને આપણા દૈનિક જીવનનો હિસ્સો બનાવવા અનુરોધ કરેલ.

## ૪થી ઑક્ટોબરે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ખાતે છેલ્લાં પોણા બે વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. આગામી તા. ૪ ઑક્ટોબરના રોજ સવારે સાડા સાત વાગ્યાથી સાડા નવ વાગ્યા સુધી ઘ-૪ના સર્કલ પાસે ઉદ્યોગ ભવન નજીક આ પુસ્તક પરબ યોજાશે.

# સોજા હાઈસ્કૂલના ઉપક્રમે ગાંધી જયંતિની ભવ્ય ઉજવણી



ગાંધીનગર, તા. ૨

કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા ખાતે આજરોજ ગાંધી જયંતિની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા-સોજા, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય-રાંધેજા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-સોજા અને ગ્રામ પંચાયત-સોજાના પ્રેરક સહયોગથી આજરોજ ગ્રામસફાઈનો ભવ્ય કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ગ્રામ સફાઈના ઉમદા વિચાર બાબતે ચર્ચાસભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી અને ગાંધી વિચારના અભ્યાસુ એવા શ્રી રાકેશ પ્રજાપતિ 'રાહી' એ 'ગાંધી જયંતિએ ગાંધીજીની પ્રસ્તુતતા અને આધુનિક યુગમાં ગાંધી વિચારની આવશ્યકતા' વિશે પોતાના વિચારો-મંતવ્યો-અભિપ્રાયો-સૂચનો-માર્ગદર્શન રજૂ કર્યા હતા. સ્ટેટ બેન્કના શાખા પ્રબંધકશ્રી સુજીતકુમાર, ગામના પ્રથમ નાગરિક એવા સરપંચશ્રી મોતીભાઈ પ્રજાપતિ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય-રાંધેજાના પ્રાધ્યાપિકા ડૉ. શશી પંજાબી, સોજા કેળવણી મંડળના સહમંત્રીશ્રી ઘનશ્યામસિંહ વાઘેલા વગેરેએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ગ્રામ સફાઈ, સ્વચ્છતાનું મહત્વ, ગાંધીજીનું વૈશ્વિક યોગદાન, સાદગીપૂર્ણ જીવનશૈલીની અગત્યતા, ગામડાની સ્વાયત્તતામાં ગાંધી વિચારની અનિવાર્યતા વગેરે જેવા વિષયો બાબતે વાત કરી હતી.

સોજા હાઈસ્કૂલના ઍન સીસી, ઍનઍસઍસ, ઈકો કલબ, ઉર્જા રક્ષક દળ વગેરેના બાળકોએ હોંશભેર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સદર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુવ્યવસ્થિત, સુચારુ, પ્રશંસનીય, આવકાર્ય, અનુકરણીય અને અભિપ્રેરક બની રહ્યો હતો એમ એક અખબારીયાદીમાં શાળાના આચાર્યશ્રી ભાવેશભાઈ જણાવે છે.

# ઈન્ડો ભુતાન ઍક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓનો આંતરરાષ્ટ્રીય સૅમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૨

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે ઈન્ડો ભુતાન ઍક્સચેન્જ પ્રોગ્રામ-૨૦૧૫ અંતર્ગત ભુતાનથી આવેલા ૫૦ વિદ્યારથીઓ અને પાંચ પ્રૉફેસર્સ સહિત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓનો આંતરરાષ્ટ્રીય સૅમિનાર હૉસ્પિટલ મૅનેજમૅન્ટ ભવન ખાતે યોજાયોહતો. કુલપતિ ડૉ.રતનલાલ ગોદરાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગાંધીજીનાં મૂલ્યો મુજબ જો સંબંધોની મજબૂતી સાચવવી હોય તો એમાં વિશ્વાસ અને દોસ્તીનું હોવું જરૂરી છે. કાર્યક્રમના અતિથિ અને યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ પંચોલીજીએ ઈન્ડો ભુતાન કાર્યક્રમ ભારત અને ભુતાન એકબીજાને પોતાનું સુખદુખ વહેંચી શકે ત્યાં સુધી વિસ્તરે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પુલી (હિન્દી)
૯.૧૦, ૧૨.૨૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૧૫, ૧.૧૫, ૪.૨૦, ૭.૨૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૧૫, ૯.૫૦
તલવાર
૧.૧૫, ૭.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૪.૦૫

**સ્ક્રીન-૪**
સિંઘ ઈઝ બ્લિંગ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૯.૨૦
પુલી (હિન્દી)
૬.૧૦

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
તલવાર
૭.૦૦
પુલી (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
ધ માર્ટીયન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૧૫
ધ માર્ટીયન (૩ડી હિન્દી)
૪.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
પુલી (હિન્દી)
૧૦.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૧૨.૪૫
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૦૦
તલવાર
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

# 'હું તો સમજતો હતો કે સંબંધો લોહીના જ હોય છે અહીં આવીને જાણ્યું કે સંબંધો લાગણીના પણ હોય છે !'

વિદેશના નાગરિક એવા ચાર વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ ઍક્સચેન્જ કાર્યક્રમ હેઠળ હાલ ગાંધીનગર ખાતે ઍમ બી પટેલ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે, એમની સાથેની મુલાકાતમાં એમને પોતાના દેશ કરતાં અહીં શું જૂદું લાગ્યું અને પોતાના સ્વભાવ, ટેવોમાં કેવું પરિવર્તન આવ્યું એની સરસ વાત કરી.

માર્ક બિન્ધુ : રેડિયોલૉજિસ્ટ પિતા અને ઈન્કમ ટૅક્સ વિભાગની કર્મચારી માતાનો પુત્ર માર્ક ફ્રાન્સનો નાગરિક છે. ધોરમ-૧૧માં અભ્યાસ કરે છે પરંતુ અમેરિકા, કૅનેડા, મોરોક્કો, ઈટાલી અને જર્મનીનો પ્રવાસ કરી ચૂક્યો છે. અભ્યાસ માટે ભારતની પસંદગી પોતે કરી કારણ કે તેણે ફ્રાન્સમાં ભારતનાં વખાણ સાંભળ્યા હતા.

અહીંની શાળાઓમાં ડિસીપ્લીન અને લોકોમાં પારિવારિક ભાવના તેને સ્પર્શી ગઈ છે. જન્માષ્ટમી, ગણેશ મહોત્સવ, રક્ષાબંધન જેવાં પર્વો તેણે અહીં ઉજવ્યાં તો તેને મજા પડી ગઈ. એમાંય રક્ષાબંધન પ્રસંગે એના હાથે રાખડી બાંધવામાં આવી ત્યારે તો એ ભાવવિભોર બની ગયો હતો. 'હું તો સમજતો હતો કે સંબંધો લોહીના જ હોય છે, પરંતુ અહીં આવીને જાણ્યું કે સંબંધો લાગણીના પણ હોય છે !'

એ જ રીતે ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુવંદના જોઈને પણ તે લાગણીશીલ થઈ ગયો હતો. 'અમારે ત્યાં તો શિક્ષકોને નામથી બોલાવવામાં આવે છે, પરંતુ અહીં એમને સન્માનથી બોલાવાય છે એ જોઈને સારું લાગે છે. વળી, પહેલાં હું પુસ્તકો ફેંકતો અને મારા પિતા ટકોર કરતા પરંતુ અહીં આવીને સમજ્યો છું કે પુસ્તકો પૂજનીય છે, તેથી હવે એમને બરાબર સાચવું છું.'

ગાંધીજીથી તે ખૂબ પ્રભાવિત છે. કોઈ વ્યક્તિ પોતાને લોકોની સેવામાં આ હદે સમર્પિત કરી દે એ વાત એને અચંબાભરી લાગે છે. માર્ક પોતે સાઈકિયાટ્રીસ્ટ બનવા માગે છે.

મીત્સુકી યુનેઝાવા : ટોકિયો જાપાનનો રહેવાસી મીત્સુકી ભારતની ધાર્મિક વિવિધતાથી આકર્ષાઈને અહીં આવ્યો છે. અલગ-અલગ ધર્મના લોકો એક જ દેશમાં કેવી રીતે રહે છે એ બાબત તેને હંમેશા આશ્ચર્ય પમાડતી હતી અને અહીં આવીને અહીંના લોકોની ધાર્મિકતા પણ તેને અચંબામાં નાંખી ગઈ. જાપાનમાં તો લોકો માત્ર વાર-તહેવારે જ મંદિરે જાય ને અહીં તો લોકો દરરોજ સવાર-સાંજ મંદિરે જાય છે !

અમેરિકા, ઈંગ્લેન્ડ, ચાઈના, થાઈલેન્ડ અને કોરિયાનો પ્રવાસ કરી આવેલો મીત્સુકીને પણ પરિવારના ક્રમ મુજબ ડૉક્ટર બનવું છે. અહીંની સ્કૂલ્સમાં સીડીઓ છે એ બાબતને પોતે વખાણે છે કારણ કે તેનાથી ઍક્સરસાઈઝ થાય છે. જાપાનની સ્કૂલ્સમાં તો બધે જ સરકતી સીડી જોવા મળે ! હા એટલું ખરું કે જાપાન એટલું બધું ટૅકનોલૉજી સૅવી છે કે ત્યાંના વિદ્યાર્થીઓને શાળાકાળથી જ ટૅકનોલૉજીની જાણકારી આપવામાં આવે છે. વળી, ત્યાંના અભ્યાસમાં પ્રૅક્ટીકલ પર વધુ ભાર મૂકવામાં આવે છે.




મીત્સુકી પણ ગાંધીજીને આદરથી જુએ છે અને દ્રઢતાપૂર્વક એવું માને છે કે જો ગાંધીજીના વિચારોનો અમલ કરવામાં આવે તો દેશો વચ્ચેની સરહદો અદ્રશ્ય થઈ જાય અને આખું વિશ્વ એક બની જાય.

માર્શલ આર્ટ, બેઝબૉલ અને ટેબલ ટૅનિસનો આ ખેલાડી માને છે કે જીવનની દરેક ક્ષણને માણવી જોઈએ. દરેક કાર્યને ઍન્જોય કરવામાં આવે તો તે સરળ બની જાય છે.

ફૅદરીકા કાન્જીલો : ઈટાલીની રહેવાસી ફૅદરીકા ખાનગી કંપનીના મૅનેજર માતા અને સરકારી અધિકારી એવા પિતાની પુત્રી છે. તે પણ ઈંગ્લેન્ડ, ઈજિપ્ત, ફ્રાન્સ, લંડન અને સ્વીત્ઝર્લૅન્ડ જઈ આવી છે. સ્થાનિક વિદ્યાર્થીઓ પાસેથી ભારતની નામના સાંભળીને એ અહીં ખેંચાઈ આવી અને અહીંની પારિવારિક ભાવના જોઈને તે ગદ્ગદ્ થઈ ગઈ. 'હું અહીં આવી એ મારું સદ્ભાગ્ય છે' એમ એનું કહેવું છે. અલબત્ત, પોતાના પરિવારથી દૂર આવ્યા પછી જ પરિવારનું મહત્ત્વ વધુ સમજાય છે અને પરિવારની વધુ નજીક પણ પહોંચાય છે એવું એ પોતાના અનુભવથી જણાવે છે.

પોતે ફૂટબૉલની અચ્છી ખેલાડી છે અને હવે ગરબા રમવા થનગને છે, મલ્હારમાં ગરબાની તાલીમ લઈ રહી છે.

'ભારત એ ધર્મો અને ઉત્સવોનો દેશ છે, આખું વર્ષ અહીં ઉત્સવો જ ઉત્સવો ચાલે છે. મને તો એમ થાય છે કે આટલા બધા ભગવાનોની પૂજા લોકો ક્યારે કરતા હશે !'

ફૅદરીકા પણ ગાંધીજીને બહુ માને છે. એ કહે છે, 'મહાત્મા ગાંધી ભારતની સાચી ઓળખ છે. એમની સત્ય અને ત્યાગની ભાવના આજની પેઢીએ શીખવા જેવી છે.'

થીપ્સુદા સુમ્યાન : થાઈલૅન્ડમાં પોતાની સ્ટીલ કંપની ચલાવતા માતા-પિતાની પુત્રી થીપ્સુદાને અહીંની કુટુંબભાવના બહુ આકર્ષી ગઈ છે. એને ત્યાં શિક્ષણ ઑડિયોવિઝ્યુઅલ માધ્યમથી આપવામાં આવે છે, પરંતુ તેમ છતાં એને અહીંનું શિક્ષણ વધારે અસરકારક લાગે છે અને અહીંના શિક્ષકો વધુ માયાળુ લાગે છે. અલબત્ત, અહીંની વાનગીઓમાં ગળપણ વધુ હોય છે એમ કહેતાં તે ઉમેરે છે કે પોતાને તીખી વસ્તુઓ વધુ ભાવે છે.

અહિંસા અને પરસ્પર પ્રેમથી દુનિયાને જીતી શકાય છે એવી માન્યતા ધરાવતી થીપ્સુદા માને છે કે ગાંધીજીના વિચારોને અમલમાં મુકીએ તો ખરેખર વિકાસની સાચી દિશા મળે છે. વિચારોમાં ક્રાંતિ આવે તો જ માનવ કલ્યાણ થઈ શકે છે.

સ્ટુડન્ટ ઍક્સચેન્જ કાર્યક્રમ એઍફઍસની ખરી સફળતા વિદેશોનાં બાળકોને અહીં રાખતા પરિવારો છે એમ જણાવતાં ઍમ બી પટેલ સ્કૂલનાં શિક્ષક ડૉ. વર્ષાબેન પારેખ આ પરિવારોને વંદન પાઠવે છે. પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન જણાવે છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ સ્કૂલ ભવિષ્યમાં વધુ વિદ્યાર્થીઓને આવકારવા તત્પર છે, આવા કાર્યક્રમોથી જ આપણી સંસ્કૃતિની ગરિમા વધે છે અને ગાંધી વિચારોનો પ્રસાર દુનિયા સુધી સારી રીતે થઈ શકે છે.



તસવીર : કશ્યપ નિમાવત

### ચારુતર વિદ્યામંડળ અને સરદાર પટેલ યુનિવર્સિટીએ

# મહાત્મા ગાંધી અને લાલબહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



ગાંધીનગર, તા. ૨

ચારુતર વિદ્યામંડળના ઉપક્રમે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લોકહૃદયમાં બિરાજમાન દેશના સદ્ગત વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના જન્મદિવસ નિમિત્તે તેમનું સ્મરણ કરીને ભાવભીની અંજલિ આપવામાં આવી હતી.

કુલપતિ ડૉ.હરીશ પાઢે કહ્યું હતું કે ભલે કેટલાક લોકો એમ કહેતા હોય કે ગાંધીજીની ફિલસૂફી અને કાર્યપદ્ધતિ અત્યારના સંજોગોમાં યોગ્ય નથી, પરંતુ મને લાગે છે કે આજના સમયમાં ગાંધીજીના વિચારો અને કાર્યપદ્ધતિ સૌથી વધુ પ્રસ્તુત છે. તેમણે ઉમેર્યું હતું કે મહાત્માના વિચારો અને એમની કામગીરીને આજના દિવસે અનુસરવાનો પ્રયાસ કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પી શકીએ. વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.પટેલે મહાત્મા ગાંધીના બાવલાને પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમ પ્રસંગે કહ્યું હતુ કે બૅરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકા વ્યાવસાયિક કામ માટે ગયા અને મહાત્મા થઈને પાછા ફર્યા. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓના અધિકારો માટે રંગભેદી બ્રિટિશ શાસકો સામે લડનારા ગાંધીજીએ સ્વદેશ પાછા ફરીને આઝાદીની ચળવળમાં લાખો કાર્યકરોને જોતરી આપણને બ્રિટિશ હકૂમત પાસેથી આઝાદી અપાવી. ગાંધીજીએ આખું આયખું કોઈ પણ જાતના નાત-જાત અને ધર્મના ભેદભાવ વિના દેશને સમર્પિત થઈને જે રીતે કામ કર્યું એ જ ભૂમિકા પર આપણા વલ્લભ વિદ્યાનગરમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના શિક્ષણ યજ્ઞની જ્યોત અખંડપણે ચાલી રહી છે. આજના રાજનેતાઓ ગાંધીજીનું મૂલ્યાંકન પોતાની રીતે કરે તેની તેમને છૂટ છે પરંતુ સમગ્ર વિશ્વને માટે શાંતિનો સંદેશ આપનાર મહાત્માના વિચારો અને કામગીરીને અનુસરવાનો યથાશક્તિ પ્રયાસ આપણે કરીએ એ સવર્થા ઉચિત છે.